# ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ


**૬છો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.**

**ઈ મેલ – md-gshfdc@gujarat.gov.in**


## : માહિતી પત્રક :

નાણાં અને વિકાસ નિગમ નવી દીલ્હી ના સહયોગથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ ગાંધીનગર ધ્વારા સીધા ધિરાણની યોજના હેઠળ આપની ધંધા/વ્યવસાય માટે લોન મેળવવાની અરજી નિગમની લાભાર્થી પસંદગી સમિતિમાં મંજુર કરવામાં આવેલ છે.

**અરજદાર લોન દસ્તાવેજ માટે નીચેના પુરાવાની પ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે. (અગાઉ રજુ કરેલ પુરાવા ફરીથી રજુ કરવાના રહેશે નહી)**

1. ઉંમરના પુરાવા માટે :- શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર, જન્મ નોંધણીનૂ પ્રમાણપત્ર અભણના કિસ્સામાં સરકારી મેડીકલ ઓફીસરનું પ્રમાણપત્ર.
2. જાતિના પુરાવા માટે :- અરજીમાં જણાવ્યા મુજબ કોઈ પણ એક સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવું.
3. રહેઠાણ ના પુરાવા માટે :- રેશનકાર્ડ/લાઈટ્બીલ/આધારકાર્ડ/ચુંટણીકાર્ડ/લાઈસન્સ/પાસપોર્ટ રજુ કરવું
4. ઓળખના પુરાવા માટે :- ચુંટણીકાર્ડ/આધારકાર્ડ / લાઈસન્સ રજુ કરવું
5. દિવ્યાંગતા અંગે :- સરકારી મેડીકલ ઓફીસરનું પ્રમાણપત્ર રજુ કરવુ.
6. દિવ્યાંગતાની ઓળખમાટે :- સમાજ સુરક્ષા ખાતાનુ ફોટો ઓળખ પત્ર રજુ કરવું.
7. અરજદારના કુટુંબની વર્ષિક આવકનું ચાલુ વર્ષનુ સક્ષમ અધિકારીશ્રી નો દાખલો રજુ કરવો.
8. અરજદાર જે ધંધા-વ્યવસાય કરવા મંગે છે તે ધંધાનુ અનુભવનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
9. અરજદારે ધંધાને અનુરૂપ માલ-સામાનના વિક્રેતાનું ભાવપત્રક (ક્રોટેશન) રજુ કરવું.
10. ધંધાના સ્થળ માટે :- અરજદારની દુકાન / જગ્યા પોતાની હોય તો તેનો આધાર/ ભાડેથી હોય તો ભાડાના કરાર રૂ.૫૦/-ના સ્ટેમ્પ પેપર પર નમુના-૧મુજબ સોગંદનામું રજુ કરવું.
11. અરજદારે સરકારી કે અર્ધ સરકારી સંસ્થામાંથી ધિરાણ મેળવેલ નથી તે અંગે રૂ/-૫૦ ના સ્ટેમ્પ પેપર પર નમુના-૧ મુજબ સોગંદનામું રજુ કરવું.
12. અરજદાર બેંક ખાતા સાથે આધારકાર્ડ લીંક કરાવવા નિયમત નમુના(૨)મુજબ સંમતિ રજુ કરવી.
13. અરજદાર બેંક ખાતા સાથે આધારકાર્ડ લીંક કરવામાં આવેલ હોય તો જે તે બેંક પાસેથી નમુના(૩) મુજબ પ્રમાણપત્ર મેળવી રજુ કરવાની રહેશે.
14. અરજદારનું રહેઠાણ જે રષ્ટ્રિયકૃત બેંકના સર્વિસ એરીયામાં આવેલ હોય તે બેંક માંથી લોન મેળવેલ નથી તેવુ નમુના(૪) મુજબ બેંક માંથી પ્રમાણપત્ર મેળ્વી રજુ કરવાનુ રહેશે.

15. PDC ચેકો રજુ કરવા માટે :- અરજદારે રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતુ ખોલાવી તે બેંક્ના CTS અને PDC ચેક નિયત જગ્યાએ અરજદારની સહી કરી રજુ કરવાના રહેશે.રૂ.૩૦ હજાર શુધીની લોનમાં (પાંચ) ચેક, રૂ.૧ લાખથી ઉપર લોન હોય તો ૧૦(દસ) ચેક રજુ કરવાના રહેશે.

16. લોન એગ્રીમેન્ટ કરાર માટે:- અરજદારે નિયત નમુનામા એગ્રીમેન્ટ કરાર પર રૂ.૧૭૧/-ના સ્ટેમ્પીંગ કરાવી તેમાં જણાવ્યા મુજબ અરજદાર/સહ અરજદાર/સાક્ષી અને જામીનદારની કચેરીના રૂબરૂ રજુ કરવું

**જામીનદારની વિગત :-**

- લોનની રકમ રૂ. ૩૦.૦૦૦/-સુધી – જામીન ખત.
- લોનની રકમ રૂ. ૩૦.૦૦૧/થી રૂ.૧.૦૦.૦૦૦/સુધી ૧ જામીન રજુ કરવાનો રહેશે.
- લોનની રકમ રૂ.૧૦.૦૦૧/થી રૂ.૫૦.૦૦૦/- સુધી ૨ જામીન રજુ કરવાના રહેશે.

અરજદારે નીચે પૈકી ગમે તે જામીન પસંદ કરી શક્શે.

(અ) મિલ્કતધારક જામીન (બ) જાત જામીન (ક) સરકારી કર્મચારી જામીન.

(અ) મિલ્કતધારક જામીન અને (બ) જાત જામીન હોય તો તેને નિચે મુજબ પુરાવા રજુ કરવના રહેશે.

- લોન કરતા દોઢ ઘણી કિંમતના બોજા મુક્ત મિલ્કત ધારણ કરતા હોવા જોઇએ
- જામીનદારના આધારકાર્ડ/ચુંટણીકાર્ડ/લાઇસન્સ/પાન કાર્ડ પૈકી કોઈ એક પુરાવો રજુ કરવાનો રહેશે.
- જામીનદારના રહેઠાણ પુરાવામાં રેશનકાર્ડ/લાઈટબીલ/રજુ કરવાની રહેશે.
- જામીનદારની બાંહેધરી નિયત નમુનો-૫ રજુ કરવી
- જામીનદારની મિલકતના પુરાવા માટે –ખેતીની જમીન હોય તો ૭૧૨/૮-અ ના ઉતારાની નકલ,હક પત્રક-૬ ની નકલ અને રહેઠાણનું મકાન હોય તે વેરા પહોંચ/ટેક્ષ ભર્યાની પહોંચ/આકારણી પત્રક/પ્રોપર્ટી કાર્ડની નક્લ રજુ કરવાની રહેશે.
- મિલ્કત નમુના-૩માં ગીરોખતના પુરાવા માટે:-જામીનદારે પોતાની મિલ્કત નમુના -૬ માં ગુજરાત વિકલાંગ (દિવ્યાંગ)નાણાં અને વિકાસ નિગમ ગાંધીનગર ના નામે બોંજાનોંધ કર્યાની તલાટી.સિટિ સર્વે/મામલતદારશ્રીની સહીનો/શેરો કરાવી રજુ કરવાનું રહેશે.
- બોજા નોંધની પ્રમાણીત નકલ –બોજા નોંધ થયા અંગે જમીન હોય તો હક પત્રક-૬ અને મકાન હોય તો તલાટીશ્રી/સિટિ સર્વેનું બોજા નોંધ થયા અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

**સરકારી કર્મચારી જામીન હોત તો નિચેના પુરાવા રજુ કરવા:-**

- સરકારી કર્મચારીની નોકરી ઓછામાં ઓછી ૮વર્ષ બાકી હોવી જોઈએ
- જામીનદારે **નિયત નમુના -૮માં બાંહેધરી પત્રકમાં વિગતો ભરી રજુ કરવાનું રહેશે.**
- કર્મચારીએ કચેરી આઈ કાર્ડ/આધારકાર્ડ/ચુંટણી કાર્ડ રજુ કરવાનું રહેશે.
- રહેઠાણના **પુરાવા માટે –રેશનકાર્ડ/લાઇટબીલ રજુ કરવાનું રહેશે.**
- **છેલ્લા માસની પગાર સ્લીપ રજુ કરવાની રહેશ**

## : લોન મંજુરીની શરતો તથા પુરા પાડવાના તથા દસ્તાવેજોની વિગત:-

૧. અરજદારે અરજીપત્રક સથે જોડેલ નિચે મુજબના પુરાવાની પ્રમાણિત નકલો ફરીથી રજુ કરવી:- (૧) આવકનૂ પ્રમાણપત્ર (૨)ઉંમરના પુરાવા માટે જન્મ નોંધણી પ્રમાણપત્ર/શાળા છોડ્યાનું માણપત્ર(૩)રહેઠાણના પુરાવા માટે રેશનકાર્ડની નકલ(૪)ધંધાના અનુભવનું પ્રમાણપત્ર (૫) ફોટા સહિતના ઓળખકાર્ડની નકલ (દા.ત.) આધારકાર્ડ,મતદાર ઓળખકાર્ડ, ડ્રાઈવિંગ લાઇસંસ વગેરે) (૬) આધારકાર્ડની નકલ ફરજીયાત રજુ કરવી (૭) ધંધાના માલ સામાનનું ભાવ પત્રક (૮) ધંધાના સ્થળ અંગેનો આધાર પુરાવો

૨. અરજદારે રૂ.૫૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું મામલતદારશ્રી કે નોટરીશ્રી સમક્ષ રજુ કરવાનું રહેશે. (સામેલ) રાખેલ નમુના : ૧ મુજબનું)

૩. રાષ્ટ્રીયકૃત બેંકના એકાઉન્ટ પેયી કરેલ,મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ ગાંધીનગરના નામે લખેલા નિચેની વિગતે કોરા અને સહી કરેલા ચેક (રકમ અને તારીખ લક્યા સિવાયના ) સાથે લાવવાના રહેશે. જે બેંકના ચેક રજુ કરો તે બેંકના સેવિંગ ખાતાની પાસબુકની પ્રથમ પાનાની નકલ રજુ કરવાની રહેશે.

| ક્રમ | લોનની રકમ | રજુ કરવાના થતા ચેકની સંખ્યા |
|---|---|---|
| ૧. | રૂ.૩૦,૦૦૦/-સુધી લોન મેળવવા માટે | એક ચેક આપવો |
| ૨. | રૂ.૩૦,૦૦૦/-થી વધુ અને<br>રૂ.૧,૦૦,૦૦૦/-સુધી લોન મેળવવા માટે | પાંચ ચેક આપવા |
| ૩. | રૂ.૧,૦૦,૦૦૦/-થી વધુ લોન મેળવવા માટે | દસ ચેક આપવા |

૪. લાભાર્થી જો ધિરાણની રકમ કરતા દોઢ ગણી રકમની બોજા મુક્ત સ્થાવર મિલકત ધરાવતા હોય તો અને તે મિલકત પર તેઓ નિગમનો બોજો નોંધાવે તો તેવા લાભાર્થીએ નિચે જણાવ્યા મુજબના કોઇ જામીન રજુ કરવાના રહેશે નહી.તેમને જાતજામીન તરીકે સ્વિકારી,તેમની મિલ્કત પર નિગમના બોજાની નોંધણીની નકલ રજુ થતાં ધિરાણ કરી શકાશે.

૫. લાભાર્થી જો ઉપર જણાવ્યા મુજબ પોતાની કોઈ મિલ્કત નિગમને તારણમાં આપી શકે તેમ ન હોય તો તેવા અરજદારે લોન માટે નિચે જણાવેલ વિકલ્પો પૈકી કોઇ પણ એક વિકલ્પ મુજબના જામીન રજુ કરવાના રહેશે.અરજદારે જામીનદારના આધારકાર્ડ,ચુંટણીકાર્ડ,રેશનકાર્ડ,ડ્રાઇવિંગ લાઇસન્સની નકલો રજુ કરવાની રહેશે.જામીન થનારની ઉંમર ૨૧ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.અરજદારે જામીનદારની નિચેની વિગતો પણ રજુ કરવી.બે વખત નિગમમાં જામીન થયા હશે તેવા સરકારી કર્મચારી /અધિકારીને ફરીથી જામીન તરીકે સ્વિકારવામાં આવશે નહી.

### નોંધ : જામીન અંગે વિગત

(૧) રૂ.૩૦,૦૦૦/-થી વધુ અને ધિરાણ માટે જાત જામીન તથા વચન ચિઠ્ઠી,લોન એગ્રીમેન્ટ,બાંહેધરી પત્રક તથા ગીરોખત(પોતાની મિલ્કત હોય તો તેની)અથવા ખરીદેલ માલ સામાનનુ સાનગીરોખત

(૨) રૂ,૩૦,૦૦૦/-થી વધુ અને રૂ.૧,૦૦,૦૦૦/-સુધી એક જામીન આપવાના રહેશે.(જામીન સરકારી કર્મચારી,અર્ધ રકારી અથવા ધિરાણની રકમથી દોઢ ગણી રકમની સ્થાવર મિલ્કત ધરાવતી વ્યક્તિ, સદરહુ મિલકતમાં નિગમના નામનો બોજો નોંધ કરાવવાનો રહેશે.અથવા જામીન તરીકે ધિરાણની રકમ દોઢ ગણી રકમની પોતાની સ્થાવર મિલ્કતમાં બોજા નોંધ કરી આપવાની રહેશે.

(૩) રૂ.૧,૦૦,૦૦૦/-થી વધુ ધિરાણ મેળવવા માટે બે જામીન આપવાના રહેશે.જેમાં સરકારી /અર્ધસરકારી કર્મચારી અથવા ધિરાણની રકમથી દોઢ ગણી રકમની સ્થાવર ધરાવતી વ્યક્તિઓ,સદહુ મિલ્કતમાં નિગમના નામે બોજા નોંધ કરવાની રહેશે. તા.કઃ સરકારી /અર્ધ સરકારી કચેરીમાં ફરજ બજાવતા વ્યક્તિ જામીન થાય તો કચેરીના વડાના બાંહેધરીપત્ર આપવાનો રહેશે.

## ૧. મિલ્કતવાળા જામીન

(૧) જામીન લોનની રકમ કરતાં દોઢ ગણી રકમ જેટલી કિંમતની મિલ્કત પોતાના નામે ધારણ કરતા હોવા જોઈએ અને આ મિલ્કત પર કોઈ બોજો નોંધાયેલ હોવો જોઇએ નહી એટલે કે આ મિલ્કત બોજા મુક્ત હોવી જોઇએ આ મિલકત્ના પુરાવા તરીકે પ્રોપર્ટી કાર્ડની નકલ.મિલ્કતની કિંમત નક્કી કરતો દખલો (વેલ્યુએશન સર્ટિફિકેટ)રજુ કરવાના રહેશે.(૨) ખેતીની જમીનના કિસ્સામાં યોગ્ય અધિકારીના ગામના મહેસુલી રેકર્ડના નમુના૮-અ અને ૭/૧૨ ની નકલ અને ગામના મહેસુલી રેકર્ડ નમુના૬ ની તલાટીની સહી વાળી અસલ નકલ રજુ કરવાની રહેશે.જો આ મિલ્કતના ભાગીદારો એક કરતા વધુ હોય તો તેઓની ગામના તલાટીશ્રી રૂબરૂ સમંતિ મેળવવી. આસાથે મોકલાવેલ જામીનખત **(સામેલ રાખેલ નમુના:૫)** માં વિગતો ભરી તેમાં દર્શાવ્યા મુજબ જામીનદારનો ફોંટો ચોંટાડી તેના પર તલાટી –કમ-મંત્રીશ્રી/રાજ્યપત્રીત અધિકારીશ્રી પાસે સહી કરાવવી.આ નિગમ ધ્વારા જામીનનો ગ્રાહ્ય રાખ્યા પછી જામીનની મિલ્કત ઉપર નિગમના નામે બોજાની નોંધણી યોગ્ય અધિકારીશ્રી પાસે કરાવેલ તે બાબતનું પત્રક (સામેલ રાખેલ (નમુના:૬)માં રજુ કરવાના રહેશે.

## ૨. સરકારી નોકરીયાત કિસ્સામાં જામીનની વિગત:-

બે વખત નિગમમાં જામીન થયા હશે તેવા સરકારીક કર્મચારી/અધિકારીને ફરીથી જામીન તરીકે સ્વીકારવામાં આવશે નહી.

(૧) જામીન સરકારી/અર્ધ સરકારી/જાહેર સહાય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના કાયમી કર્મચારી હોવા જોઇએ

(૨) જામીન થયેલ કર્મચારીની વય નિવુત્તિનો સમય ઓછામાં ઓછા ૫(પાંચ) વર્ષ થી વધુ બાકી હોવા જોઇએ

.(૩)જામીનદારએ પોતાની છેલ્લી પગાર સ્લીપની પ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે

.(૪)જામીનદારે,લાભાર્થી નિગમનું લ્હેંણુ ન ભરેતો તેવા સંજોગોમાં નિગમનુ ચઢી ગયેલ લ્હેંણુ જામીનદાર પોતે ભરી આપશે.તેવુ સંમતિપત્ર (સામેલ રાખેલ નમુના:૮)મુજબ આપવાનુ રહેશે.

(૫)જામીનદારની ઓળખ માટે જામીન જે કચેરીમાં ફરજ બજાવતા હોય તે કચેરીનુ ફોટાવાળું ઓળખપત્ર રજુ કરવાનું રહેશે.(૬) જામીને પોતાના રેશનકાર્ડ.ચુંટણીકાર્ડ, આધારકાર્ડની નકલ પણ આપવી.

૬. લોન અંગેના દસ્તાવેજો કરવા માટે આ પત્ર સાથે જોડેલ રૂ.૪૫૧/-(અંકે રૂપિયા ચારસો એકાવન પુરા)નો અધેશિવ સ્ટેમ્પ નિચેની વિગતે જિલ્લા તિજોરી કચેરીએ લગાવડાવવી કે ઇ-સ્ટેમ્પિંગની સુવિધા હોય ત્યાં ઈ-સ્ટેમ્પીંગ કરાવવું. ત્યારબાદ આ શાનગીરો જરૂરી વિગતો ભરીને તેમાં જામીનોની તથા લાભાર્થીની પોતાની દસ્તાવેજો ઉપર સંબંધિત કચેરીના અધિકારી /કર્મચારીની રૂબરૂમાં સહીઓ કરવી /કરાવવી.

| | | | | |
|---|---|---|---|---|
| અ. | માંગણી પત્ર | રૂ. | ૧/- | રેવન્યુ સ્ટેમ્પ |
| બ. | ખાત્રી પત્રક | રૂ. | ૫૦/- | અધેશિવ સ્ટેમ્પ |
| ક. | હાઇપોથીકેશન એગ્રીમેન્ટ | રૂ. | ૧૦૦/- | અધેશિવ સ્ટેમ્પ |
| ડ. | બાંહેધરી પત્રક | રૂ. | ૩૦૦/- | અધેશિવ સ્ટેમ્પ |
| | | કુલ રૂ. | ૪૫૧/ | |

૭. અરજદારે ધિરાણ મળ્યાના દિન-૩૦ માં જે હેતુ માટે ધિરાણ અપાયુ છે તે વ્યવસાય શરુ કરવાનો રહેશે અને સમય મર્યાદામાં વ્યવસાય શરુ કરી તુરંતજ વ્યવસાયના સરનામાની અને લોનના મળ્યેથી ખરીદેલ સ્થાવર /જંગમ મિલ્કત સહિતની વિગતો તરતજ નિગમને રજુ કરવાનિ રહેશે. લોન મળ્યા બાદ વખતોવખત નિગમના અધિકારી/કર્મચારી જાતે તપાસ માં આવે ત્યારે તેમની જોઇતી તમામ માહિતિ લાભાર્થીએ પુરી પાડવાની રહેશે.

૮ નિગમ ધ્વારા જે હેતુ માટે લોન આપવામાં અવેલ છે તે હેતુ મટેજ લોનના નાણાનો ઉપયોગ કરી શકશે. નિગમના અધિકારીશ્રી/કર્મચારીની રૂબરૂ ચકાસણી દરમ્યાન લોનના નાણાંમાંથી કોઇ વ્યવસાય કરવામાં આવ્યો ન હોય અથવા લોનના નાણાંમાંથી વ્યવસાય માટે ખરીદી કરવામાં આવેલ નહોય અથવા લોનના નાણાં કોઈ અન્ય હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવ્યા હોવાનુ તેઓના ધ્યાન પર આવશે તો આ લોન રદ કરી તમામ નાણાં લોન નક્કી કરેલ દંડનીય વ્યાજ સાથે વસુલ કરવામાં આવશે.

૯. દસ્તાવેજની કામગીરી સમયે નિગમનાં અધિકારી/કર્મચારીના રૂબરૂમાં કરવામાં આવતી કાર્યવાહી દરમ્યાન જો કોઈ દસ્તાવેજી પુરાવા અથવા જામીનની ઓળખમાં કે કોઈ બાબતે કોઈ ખોટુ થયેલ હોવાનુ ધ્યાન ઉપર આવશે તો તેજ સમયે આપની સૈધાંતિક મંજુર કરેલ લોન રદ કરવામાં આવશે.જેની ગંભીર નોંધ લેવી.

(અ) લાભાર્થી ધ્વારા સાધન-સામગ્રી/વાહનના બિલો લોન મળ્યા બાદ જિલ્લા કક્ષાએ દિન-૧૦ નમાં રજુ કરવાના રહેશે.

(બ) જિલ્લા અધિકારીશ્રીએ રજુ થયેલ બિલો અન્વયે ત્યાર બાદ દિન-૭ માં લાભાર્થીએ વસાવેલ સાધન સામગ્રી /વાહનની ખરાઇ કરીને લાભાર્થી સાથેનો ફોટોગ્રાફ લેવાનો રહેશે. સાથે સાથે લોનનો ઉપયોગ થયા બાબતનું ઉપયોગીતા પ્રમાણપત્ર આપવાનું રહેશે.જો લાભારથિએ બિલ મુજબ સાધનો/વાહન ખરીદેલ નહોય તો તેઓની સામે કાયદાકીય કર્યવાહી કરવા નિગમને જણાવવું.

(ક) લાભર્થી જો લોન મળ્યા બાદ દિન-૩૦માં સાધન સામગ્રી/વાહન ખરીદ નકરે તો લોન/ધિરાણના દુરઉપયોગ બાબતે અને શરતોના ઉલ્લંઘન અન્વયે લાભાર્થી ઉપર કાયદાકીય કારય્વાહિ કરવા અને ધિરાણ વ્યાજ સહિત એક સાથે વસુલ કરવા નિગમની કચેરીએ અહેવાલ મોકલી આપવો.

૧૦. લાભાર્થીને લોન લીધા બદ હપ્તા ભરવામાં કસુર કરશે તો લોનની રકમ તેમજ ચડત વ્યાજ સહિતની પુરેપુરી રકમ ભરપાઇ કરવાની જવાબદારી લાભાર્થીની તથા જામીનની વ્યક્તિગત અને સામુહિક રહેશે.

૧૧. લાભાર્થીએ હપ્તો દર મહિનાની ૧થિ ૫ તારીખ શુધીમાં નિગમને જમા મળે તે રીતે નિયત બેંકમાં ભરવાનો રહેશે.હપ્તો ભરવામાં કસુરવાર થયે લાભાર્થીએ આપેલ ચેક બેંકમાં રજુ કરવામાં આવશે.ચેક બાઉન્સ થશે તો લાભાર્થી સામે કયદેસરની ફોજદારી તેમજ દિવાની રહે પગલા ભરવાની ફરજ પડશે અને આવા સંજોગોમાં નિગમને થનાર ખર્ચની અને આવનાર ન્યાયિક પરિણામની જવાબદારી લાભાર્થીની પોતાની રહેશે.

૧૨. લાભાર્થીએ લોન લેતી વખતે જે સરનામુ આપેલ હોય અને ત્યારબાદ જો આ સરનામું બદલાય તો લાભાર્થીએ તાત્કાલિક અત્રેના નિગમને લેખિતમાં પત્ર ધ્વારા જાણ કરવાની રહેશે.

૧૩. લોન વ્યાજના દરમાં કે યોજનાના અમલમાં રાષ્ટ્રીય વિકલાંગ(દિવ્યાંગ) વિકાસ અને નાણાં નિગમ, દિલ્હી રાષ્ટ્રીય વિકલાંગ(દિવ્યાંગ) વિકાસ અને નાણાં નિગમ,નવી દિલ્હી તરફથી કોઈપણ ફેરફાર કરવામાં આવશે તો તે મુજબ લોન લેનારને તે નિયમો બંધન કર્તા રહેશે.

૧૪. લોનની શરતો અને વ્યાજના દર વિગેરે બાબતોમાં જો વિવાદ ઉભો થાય તો **મેનેજીંગ ડિરેક્ટર,ગુજરાત વિકલાંગ(દિવ્યાંગ)નાણાં અને વિકાસ નિગમ લી.ગાંધીનગર** જે નક્કી કરે તે નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૧૫. **આ લોનને લોન પરનું વ્યાજ કે તોનો કોઈ ભાગ કોઈ પણ સંજોગોમાં માફ થવાને પાત્ર નથી. કે આલોન પર કોઈ પણ જાતની સબસીડી મળવા પાત્ર થતી નથી જેથી લાભાર્થીએ મુદ્દલ તથા તેના પર થતુ વ્યાજ નિયમિત ભરવાનું રહેશે.**

**૧૬.** લોન અંગેના દસ્તાવેજ કર્યા બાદ પણ લોન લેનાર લાભાર્થીના કુટુંબમાંથી અન્ય વ્યક્તિને લોન આપેલ હોવાનુ નિગમના ધ્યાન ઉપર આવશે તો લાભાર્થી સામે આઈપીસી ની કલમ ૪૨૦ ના ગુના સબબ કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવશે. અને લાભાર્થીની લોન રદ કરીને વ્યાજ સહિત એકસામટી વસુલ કરવામાં આવશે.

૧૭. અધેશીવ સ્ટેમ્પ સાથે કરેલ કરારની તમામ શરતો લાભાર્થી તેનજ જામીનોને બંધનકર્તા રહેશે.

૧૮. આ લોનના સંદર્ભમાં કાયદા અન્વયે ન્યાયનુ કાર્યક્ષેત્ર(જ્યુરીડીકશન) ગાંધીનગર રહેશે.

૧૯. ડોક્યુમેંટેશન કરવાની પ્રક્રિયા પુર્ણ થયે, ધિરાણ ચુકવણી રાષ્ટ્રીય નિગમ પાસેથી ઉપલબ્ધ થયેલ નાણાં પર આધારિત છે.

૨૦. સૈધાંતીક મંજુર થયેલ લોનની રકમમાંથી નીયમ અનુસારની કપાત બાદ ચુકવણી કરવામાં આવશે.

૨૧. ફંડ ઉપલબ્ધ થયેથી ધિરાણ/લોન ચુકવવામાં આવશે.

# લાભાર્થીનુ સોગંદનામું

આથી હું/અમો નીચે સહી કરનાર શ્રી/શ્રીમતી/કું.(૧) ..........................................................................................
ઉ.વ..................(૨)....................................................ઉ.વ.: ......................................................................
ધંધો : ......................................................ધર્મે : ............................................................................
પેટા જાતિ : ...................................રહેવાસી : ......................................................................................
મુ. પો. ............................................તા .................................................જિ. ..................................................
ના હું મારા/અમારા ધર્મના સોગંદ ઉપર જાહેર કરૂ છુ કે /જાહેર કરીએ છીએ કે :-આ અગાઉ મેં કે અમોએ કે અમારા કુટુંબની અન્ય કોઈ વ્યક્તિએ કી પણ સરકારી/અર્ધ સરકારી/બેંક પાસેથી સબસીડી વાળું કે ઓછા વ્યાજની યોજનામાં કોઈ પણ પ્રકારનું લોન ધિરાણ મેળવેલ નથી કે મેળવી બાકી રાખેલ નથી,કે અરજી કરેલ નથી તેમજ મારા/અમારા/કુટુંબના કોઈ પણ સભ્ય સરકારી/ અર્ધસરકારી સંસ્થામાં નોકરી કરતા નથી તે બદલ હુ/અમો ખાત્રી આપુ છુ. ઉપરની બાબત ખોટી નિકળશે તો ગુજરાત વિકલાંગ(દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ લી. ગાંધીનગર કાયદેસરની કાર્યવાહિ મારી/અમારી સામે કરી શકશે.ધિરાણ મળ્યેથી વસુલાતના નિયમિત હપ્તા ભરવા અને તે દરમ્યાન નિગમને મારૂ વાહન/સાધન હાઇપોથીકેશનમાં રાખવા અને નાણાં સમયસર ન ભરુ તો તે નાણાં ભરવા માટે રેવન્યુ રાહે ભરવા અથવા નિગમ નક્કી કરે તે પ્રમાણે બાકી હપ્તાની રકમ દંડનીય વ્યાજ સાથે ભરપાઇ કરવા હુ અમો બંધાઉ છુ./બંધાઇએ છીએ.તે માટે હુ તેમજ મારા/અમારા વંશ વારસો જવાબદાર રહેશે તે અંગેની બાંહેધરી આ સોગંદનામા ધ્વારા આપું છું.ઉપરોક્ત સોગંદનામાની તમામ હકીકત અને આપવામાં આવેલ બાંહેધરી ખરી અને સાચી અને મને/અમોને બંધનકર્તા છે.હે હુ અમો મારા/અમારા ધર્મના સોગંદ ઉપર જાહેર કરૂ છુ./કરીએ છીએ. ખોટું સુગંદનામુ કરવુ તે દંડ અને સજાને પાત્ર ગુનો બને છે તે હુ/અમો જણું છુ/જાણીએ છીએ.

સોગંદનામુ કરનારનો સહીઓ :-
(૧) ....................................................................
(આખુ નામ)
મોબાઈલ નંબર ..................................................
(૨) ....................................................................
(આખુ નામ)
મોબાઈલ નંબર ..................................................

ઓળખ આપનારની સહી
..................................................
ઓળખ આપનારનું અટક સાથે પુરૂ નામ અને રહેઠાણનું સરનામું
..........................................................................................
..........................................................................................

નોંધ-(૧) શૈક્ષણિક લોનનિ અરજી માટે અરજદારે તથા તેઓના પિતા /વાલીઓ બંનેએ સંયુકપણે સોગંદનામું કરવુ
(૨) ૧૦૦% દિવ્યાંગ અરજદારના કિસ્સામાં પણ અરજદારે તથા તેઓના પિતા/વાલીએ આ સોગંદનામું સંયુક્તપણે કરવું

(નમુના – ૨)

# સંમતિ પત્રક

આથી હું નિચે સહી કરનાર ........................................................................................................................

રહે. મુ. .......................................................તા. ...............................................જી. ...............................................

ધારણ કરેલ આધાર કાર્ડ નંબર ....................................................................આથી,ગુજરાત સરકારના સામાજીક ન્યા અને અધિકારીતા વિભાગ અને ભારત સરકારના રાષ્ટ્રીય વિકલાંગ(દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ,નવી દિલ્હી અંતર્ગત ગુજરાત વિકલાંગ(દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ,ગાંધીનગર ધ્વારા અમલીત સિધા ધિરાણ/શૈક્ષણિક ધિરાણ યોજનામાં મારા આધાર નંબરનો ઉપયોગ કરીને મારી ઓળખ પ્રમાણિત કરવાની અને ખરાઇ કરી આધાર સીડીંગ  કરવા સંમતિ આપું છું.

નામ .................................................................

(સહી/અંગુઠાનું નિશાની)

તારીખ -   /   /

ઓળખ આપનાર :

(સહી) ...........................................................

નામ ..............................................................

હોદ્દો અને સરનામું ..........................................

.......................................................................

.......................................................................

( નમુના -૩ )

બ્રાંચ મેનેજર ............................................................

બેંન્કનુ નામ ............................................................

બ્રાંચનું નામ ..........................................................

શ્રીમાન,

બેંક એકાઉન્ટ નંબર ......................................................એ મારા નામનું બેંક ખાતુ છે. આધાર નંબરને આ બેંક ખાતા સાથે સાંભળવા બાબત હું મારા ખાતા નંબર ..........................................................તમારી બેંક શાખામાં (શાખાનું નામ)...................................ખોલાવેલ છે.હું મારા અધાર નંબર રજુ કરૂ છું ને સ્વેચ્છાએ સંમતિ આપુંછું કે...

(૧) મારા આધાર નંબર કે જે UIDA, ભારત સરકાર ધ્વારા મારા નામથી કાઢી આપવામાં આવેલ છે.તેને ઉપરોક્ત બેંક ખાતામાં નોંધણી કરાવુ છુ.

(૨) આ આધાર નંબર NPCI સાથે જોડી દેવાકે જેથી ભારત સરકાર ધ્વારા આપવામાં આવતા સિધા લાભની ચુકવણી ઉપરોક્ત ખાતામાં જમા થાય.હું સમજુ છુ કે, જો એક કરતા વધારે લાભોની બાકી ચુકવણી હશે તો તે તમામ મારા આ ખાતામાં જમા થશે.

(૩) UIDAI માંથી મારી ઓળખ પ્રમાણીત કરવા માટે મારા આધાર નંબરનો ઉપયોગ કરવા

(૪) મને SMS એલર્ટ મોકલવા માટે નીચે આપેલા મારા મોબાઇલ નંબરનો ઉપયોગ કરવા.

**આધાર/UIDAI પત્રની વિગતો નીચે મુજબ છે.**

આધાર/UIDAI નંબર .......................................................

આધાર ધારકનુ નામ(આધારકાર્ડ મુજબ) ...........................................................................

હું સમજુ છુ કે,મારા ધ્વારા બેંકને આપવામાં અવેલી આધારકાર્ડની વિગતો ઉપરોક્ત હેતુ સિવાય કે કાયદાની જરૂરીયાત સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરવાનો થશે. નહી.

આપનો વિશ્વાસુ ,

(ખાતા ધારકની સહી/અંગુઠાનું નિશાન)

નામ ..................................................................

મોબાઈલ નંબર ..................................................................

ઈમેલ આઈડી ..................................................................

બિડાણ- સ્વપ્રમાણિત કરેલ આધારકાર્ડ ની નક્લ

---

**આધાર નંબર બેંક એકાઉન્ટ સાથે સાંકળવાની કામગીરી ખરાઈ.**

શ્રી/શ્રીમતી..........................................................................................ના.........................................બેંકની શાખા ..............................................ના ખાતા નંબર......................................................... સાથે આધાર/UIDAI નંબર .......................................અને મોબાઈલ નંબર..........................................ને સાંકળવામાં આવેલ છે.

તારીખ ...../..../...... બેંકનુ સહી/સિક્કો બેંક અધિકૃત અધિકારીની સહી

**(આ ફોર્મ ભરીને નિગમને મોકલવ વિનંતી) (એક નક્લ અરજદારે રાખવાની રહેશે.)**

(નમુના-૫)

## મિલ્કતધારક જામીનનુ બાંહેધરી પત્ર

આથી હું નીચે સહી કરનાર શ્રી/ શ્રીમતી કું...............................................................ઉંમર વર્ષ:..........ધંધો. ..................................ધર્મે:...............................પેટાજાતિ.......................................રહેવાસી:.................................. મુ. પો. :................................તા. :..........................................જિ.: ......................................ના ગુજરાત રાજ્ય વિકલાંગ(દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ ગુજરાત રાજ્ય ગાંધીનગરે બાંહેધરી આપું છું કે...

લોન લેનારશ્રી ...................................... રહેવાસી : ..................મુ.પો.:...............................તા.: ..........................................જિ. : ...........................................ને ગુજરાત રાજ્ય વિકલાંગ(દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ ગુજરાત રાજ્ય ગાંધીનગરે જામીન મેળવવાની શરતે તેમના તારીખ....../......./............ના પત્ર થી ..........................................................ધંધા /સાધન માટેની લોન આપવાનું નક્કી કરેલ છે. આ લોનની રકમ રુ......................................................% વ્યાજની (નિયમ મુજબ)છે. આ રકમ ૫ (પાંચ) વર્ષમાં સરખી રકમના નિયમિત હપ્તા ભરપાઇ કરવાની પ્રાથમિક જવાબદારી ઉપર જણાવેલ લોન લેનારની તેમજ મારી છે અને રહેશે. જો લોન લેનરની નિયમિત હપ્તા ભરવામાં ચુક કરશે તો આ સાધન / ધંધા/અભ્યાસ પેટે લીધેલ લોનનાં તમામ હપ્તા (મુદ્દલ/વ્યાજ /દંડનીય વ્યાજ સહિત ) નિગમને ભરપાઇ કરવાની મારી વ્યક્તિગત તેમજ સંયુક્ત જવાબદારી છે તે હું સમજું છું અને તેમ સમજીને આ બાંહેધરીથી બંધાઉ છું. અરજદારની લોન મારા જામીનખતના આધારે મંજુર થાય છે. આથી લોન મંજુર થયા બાદ કોઇ પણ સંજોગોમાં લોનના તમામ હપ્તા પુરા થયા પહેલા હુ જામીન તરીકે છુટા થવા માટે કોઇ રજુઆત કરશે નહિ અને તેમ કરીશતો પણ જ્યાં સુધી લોન લેનાર / અરજદાર નિગમને માન્ય હોઇ તેવા નવા જામીન નિગમને નહીં આપે ત્યા સુધી અને નવા જામીન આપે તે પહેલાના સમયના જેટલા હપ્તા બાકી હશે તે ભરવાની જવાબદારી માંથી હું મુક્ત થઈ શકીશ નહીં તે હું સમજુ છું અને નિગમને ખાતરી આપુછું.

(અ) આ અંગે હું મારી..........................................મિલ્કત નિગમના નામે તારણમાં આપુ છું.અને સદર મિલ્કતના દસ્તાવેજ તથા મિલ્કતના આધાર પુરાવા પેટે જમીનના ૭/૧૨/,૮/અ કે મકાનનો મલિકી આધાર આ સાથે રજુ કરેલ છે. જે મિલ્કત આ લોનના તારણમાં હોવાથી તે મિલકત પણ આ લોનના હપ્તા નહી ભરાય તો તે માટે ટાંચમાં લઈ શકાશે.જામીન થવાથી મારી મિલ્કત ઉપર બોજો ઉભો થયો છે અને તેની નોંધ સરકારી રેકર્ડમાં તારણ તરીકે કરાવવા માટે જરુર પડે નિગમ નક્કી કરે ત્યાં સહી કરી આપવા હું બાંધાઉ છું.ઉપર જણાવેલ તારણવાળી મિલ્કત ઉપર અન્ય કોઇ બેંકમાંથીલોન લઇ તારણમાં મુકેલ નથી.

અમારી મિલ્કતની અંદાજીત કિંમત આજની તારીખે રુ..............................છે.રજૂ કરેલ મિલ્કતની અંદાજીત કિંમતનો તલાટી/ચીફ ઓફીસરશ્રી /વેલ્યુયરનો દાખલો આ સાથે રજુ કરેલ છે.

આ બાંહેધરીપત્રકમાં મેં કોઈપણ જાતના દબાણ વિના, બિન કેફીપણામાં આ બાંહેધરી પત્રમાં સમજી વિચારીને સહી કરેલ છે. જે અમોને તેમજ અમારા વલી વારસોને કબુલ મંજુર છે.

લાભાર્થી લોનની રકમ ભરવામાં નિષ્ફળ જશે તો તે લોનની બાકી નિકળતી તમામ રકમ ભરપાઇ કરવા હું બાંહેધરી આપું છું તથા આ અંગે કોર્ટ-કચેરી કે કોઈ અન્ય કોઈ પણ જાતનો કાયદાકીય આસરો લઈશ નહી તેની પણ ખાત્રી આપું છું.

તરીખ:- ................................ જામીંદારીન સહી:-

સ્થળ:- ............................... ..............................................

મોબાઈલ નંબર..............................

| મિલ્કતવાળા<br><br>જામીનનો ફોટો |
|---|

જામીનના સાક્ષીની સહી..................................................

જામીનના સાક્ષીનુ પુરુ નામ..................................................................

જામીનના સાક્ષીનું પુરું સરનામું.................................................................

.............................................................................................

ગામ:................................તાલુકો:........................................

જિલ્લો:.............................મોબાઈલનંબર...............................

નોધ :- ૧. જામીનદારનો ફોટો સરપંચશ્રી/તલાટી કમ મંત્રી/રાજ્ય પત્રીત અધિકારીશ્રી પાસે ફરજીયાત પ્રમાણિત કરાવવાનો રહેશે.

૨. આ બાંહેધરી પત્રક સામે જામીનદારે તેઓ જે મિલ્કત તારણમાં મુકવા માંગે છે તે મિલ્કતની કિંમતનો દાખલો તલાટી /ચીફ ઓફીસર/વેલ્યુઅરનો જોડવો.

નમુના-૭

-: મિલ્કતની બોજા નોંધ પ્રમાણપત્ર :-

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અરજદાર શ્રી ............................................................................મું ........................................તા.....................................જી.........................................................................................

ને ગુજરાત વિકલાંગ (દિવ્યાંગ) અને નાણાં અને વિકાસ નિગમ ગાંધીનગર અમલીત સિધી ધિરાણની યોજનામાં ................................................ધંધા-વ્યવસ્થા માટે લોનની રકમ રૂ..............................મંજુર કરવામાં આવેલ છે તેઓના ધંધાની લોનમાં જામીનદાર તરીકેશ્રી.......................................................................મુ...........................તા. ............................... જી. ..........................................એ પોતાની માલીકીની મિલ્કત સર્વે નં/ઘર નં. ................... પર "<u>ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ ગાંધીનગર"</u> ના નામે પંચાયતના ઠરાવ નં. ................તા. .........................થી બોજા નોંધ કરવામાં આવેલ છે ત્યા સદર મિલ્કતની અંદાજીત કુલ રકમ રૂ......................................(અંકે રૂ. ..............................................................થાય છે, જેની ખાત્રી બદલ પ્રમાણપત્ર આપવામાં આવેછે.

તલાટી કમ મંત્રીશ્રી/ સીટીસર્વે

તારીખ :......./...../...........

સ્થળ :.............................

( નમુના-૮ )

**સરકારી / અર્ધ સરકારી, સાહસોના નોકરીયાત જામીનદારે આપવાનું બાંહેધરી પત્ર**

જામીનદારનું નામ : ..................................................................

જામીનદાર કચેરીનુ નામ : ..................................................................

જામીનદાર કચેરીનુ સરનામું : ..................................................................

..................................................................

જામીનદારની જન્મ તારીખ : ..................................................................

જામીનદારની નિમણુક તારીખ : ..................................................................

જામીનદારની વય નિવૃત્તિની તારીખ :..................................................................

આથી હુ નીચે સહી કરનાર શ્રી/શ્રીમતી/કું...................................................................ઉંમર વર્ષ ............... ધંધો,નોકરી,રહેવાસીઃ...................................મું.પો.:.....................................તા. ........................જી. ............................... હાલ ..........................હોદ્દા ઉપર ............................અમો સરકારી /અર્ધ સરકારી / જાહેર સાહસ ..................................... સંસ્થાના કર્મચારી છીએ.અમારી મસિક આવક પગારની સ્લીપ આ સાથે સામેલ રાખેલ છે. અમો ગુજરાત વિકલાંગ (દિવ્યાંગ) અને નાણાં અને વિકાસ નિગમ ગાંધીનગરના તરફથી અરજદાર શ્રી...................................................................ને...................................................................ના વ્યવસાય માટે રૂ................................................................ નો જામીન થાઉં છુ.

અરજદારની લોન મારા કજામીનખતના આધારે મંજુર થાય છે. આથી લોન મંજુર થયા બાદ કોઈ પણ સંજોગોમાં લોનના તમામ હપ્તા પુરા થયા પહેલા હું જામીન તરીકે છુટા થવા માટે કોઈ રજુઆત કરીશ નહી અને તેમ કરીશતો પણ જ્યાં સુધી લોન લેનાર અરજદાર નિગમને માન્ય હોય તેવા નવા જામીન નિગમને નહી આપે ત્યાં સુધી અને નવા જામીન આપે તે પહેલાના સમયના જેટલા હપ્તા બાકી હશે તે ભરવાની મારી જવાબદારીમાંથી હું મુક્ત થઇ શકીશ નહી તેપણ હુ સમજુછુ તથા આ અંગે કોર્ટ કચેરીકે કોઈ પણ જાતનો કાયદાકીય આશરો લઇશ નહી તેની પણ ખાત્રી આપુ છુ.

અરજદાર આ ધિરાણ વ્યાજ સહિત સમયસર પરત ચુકવવામાં નિષ્ફળ જશે તો નિગમનુ તેમની પર ચઢેલ તમામ લ્હેંણુ ચુકવી આપવા અમે બંધાઇએ છીએ.નિગમ ધ્વારા અરજદારને ઉપર જણાવ્યા પ્રમાણે
ચુકવણું કર્યા પછી સદર લોન પરશ ચડેલ બાકી બાબતે જાણ કરવામાં આવે અને તેના દિન-૧૫ માં અમો ચુકવણી કરવામાં નિષ્ફળ જઇએ તો,તેનુ લ્હેણું અમારા પગાર માંથી વસુલ લેવા હક્કદાર થશે.

આ અન્વયે નિગમના નાણાં ચુકવવામાં નિષ્ફળ જઇએ તો નિગમનુ તમામ લ્હેણું અમારા પગાર માંથી વસુલ કરી શકશે.અને તેમાં અમો કોઈ વાંધો/તકરાર લઇશુ નહી જેની બાંહેધરી આપુ છુ.

મેં કોઈ પણ જાતના દબાણ વિના,બિન કેફીપણામાં આ બાંહેધરી ઉપર સમજી વિચારીને સહી કરેલ છે, જે અમોને તેમજ અમારા વાલી વારસોને કબુલ મંજુર છે.

તારીખ :..../...../............ જામીનદારની સહી

.......................................

જામીનના સાક્ષીની સહી...................................................................

જામીનના સાક્ષીનુ પુરૂ નામ ...................................................................

જામીનના સાક્ષીનુ પુરૂ સરનામું...................................................................

...................................................................

ગામ ............................. તાલુકો ...........................................

જીલ્લો ...............................મો. નં...........................................

સારકારી
જામીનનો
ફોટો